The Economic Times (Guj.)

July 6, 2016
Page No.10

# બેસ્ટ સ્ટાર્ટઅપને નવાજતા એવોર્ડની સીઝન ફરી આવી

ટીમ ઈટી

આજથી ઈકોનોમિક ટાઈમ્સ સ્ટાર્ટઅપ એવોર્ડ્સની બીજી આવૃત્તિ શરૂ થઈ રહી છે. બેંગલુરુમાં ત્રીજી સપ્ટેમ્બરે યોજાનાર આ એવોર્ડ કાર્યક્રમમાં શ્રેષ્ઠ ભારતીય ઉદ્યોગસાહસિકનું સન્માન કરવામાં આવશે, જેની પસંદગી ૬ ઓગસ્ટે મળનારી હાઇ-પ્રોફાઈલ જ્યૂરીની બેઠકમાં કરવામાં આવશે. આ એવોર્ડ આઠ કેટેગરીમાં આપવામાં આવે છે.

ભારત માટે ભવિષ્યમાં સૌથી વધારે આશાવાદ બાબત સ્ટાર્ટઅપ સેક્ટર છે. અનેક લોકો તેમના દિમાગમાં રહેલા આઈડિયાને વાસ્તવિકતામાં ફેરવીને નવા ભારતનું સર્જન કરવા માંગે છે. હવે ઈન્ટરનેટ અને મોબાઈલ ફોન ક્રાંતિને લીધે આ દિશામાં સક્રિય પ્રયાસ થઈ રહ્યાં છે અને કોલેજ પાસઆઉટ યુવા પેઢી અત્યાધુનિક ટેક્નોલોજી સાથે સજ્જ થઈને આપણા જીવનને બદલવાના સપનાં જોઈ રહી છે. ઉદ્યોગસાહસિકતા માત્ર કમાણી પૂરતી સીમિત રહેતી નથી પરંતુ તે સમગ્ર દુનિયાને બદલવાની તાકાત ધરાવે છે આથી, જ સ્ટાર્ટઅપ માટે ખાસ ઉત્સાહ જોવા મળે છે. આથી, ઈકોનોમિક ટાઈમ્સે શ્રેષ્ઠ ઉદ્યોગસાહસિકની કદર કરવા માટે ગયા વર્ષથી આ એવોર્ડની શરૂઆત કરી હતી. ૨૦૧૬ના વિજેતા નક્કી કરવા માટેની જ્યૂરીમાં ગૂગલ સાઉથઈસ્ટ એશિયા એન્ડ ઈન્ડિયાના MD રાજન આનંદન, મિન્ત્રાના સહ-સ્થાપક મુકેશ બંસલ, ફ્લિપકાર્ટના સહ-સ્થાપક સચીન બંસલ, વ્હાર્ટન સ્કૂલના પ્રોફેસર કાર્તિક હોસનાગર, નીતિ આયોગના CEO અમિતાભ કાંત, કાલારી કેપિટલના વાણી કોલા, એક્સેલ પાર્ટનર્સના સુબ્રતા મિત્રા, ઈન્ફોસિસના સહ-સ્થાપક નંદન નિલેકણી અને પેટીએમના સ્થાપક વિજય શેખર શર્માને સમાવેશ થાય છે. તમે કોઈ આઈડિયા કે સૂચન માટે etsa@timesgroup.com પર મેઈલ કરી શકો છો.